# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


| | |
|---|---|
| પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૩/ક્વા-03/૨૦૨૨-૨૩/ ૮૨૨૯-૫ | તારીખ : ૧૩ - ૧૨ - ૨૦૨૨ |

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

મેં. ક્રિસ્ટલ ફાઉન્ડર્સ

કે-૧/૫ આજી જી.આઇ.ડી.સી. રોડ "H" બાલાજી વેફર રોડ, રાજકોટ -૩૬૦૦૦૩,

મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૦૦૩

મોબાઈલ : ૯૦૩૩૦૬૯૫૭૬

વિષય : L.T. to H.T. કનેકશન કરેલ ઓય અને L.T. કનેખાનમાં ઘટતો મીનીમમ ચાર્જ અને પ્રોરેટા(જેટકો) ચાર્જ લેવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. નીલ.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૩/ક્વા-03/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ.

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ.

પ.ગુ.વી.કં.લી.. રાજકોટ

**બિડાણ : ઉપર મુજબ.**

નકલ સાદર રવાના :

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જસદણ.**

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, સરધાર.**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૩/ક્વા-3/૨૨-૨૩/ 8229-5 તા. 13-12-22

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**Case No.PG-૦૩/ક્વા-૧૩/૨૨-૨૩**

અરજદાર : મે. ક્રિસ્ટલ ફાઉન્ડર્સ, ગામ: સરધાર

રજૂઆત કરનાર : અરજદારશ્રી ભરતભાઈ બોરસદીયા અને તેમના સહયોગી શ્રી કિરીટભાઈ બાબરીયા

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – જસદણ

રજૂઆત કરનાર : શ્રી બી.સી.રાઠોડ, ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર અને બ્રિજેશભાઈ એ. માંકડિયા સીનીયર આસિસ્ટન્ટ, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી જસદણ

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા

3) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૨૯..૧૧.૨૦૨૨ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૯.૧૧.૨૦૨૨ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારની લેખિત રજુઆત તા.૦૭.૧૧.૨૦૨૨ મુજબ તેઓએ ગ્રાહક નં. 34835-00560-0 થી 85 KW નું LTMD કનેકશન લીધેલ હતું જેમાં કનેકશનને બે વર્ષ પુરા થયેલ ન હોય તે દરમ્યાન હયાત વીજભારમાં લોડ વધારાની જરૂરીયાત હોવાથી 85 KW ના LTMD માંથી 350 KVA નું એચ.ટી.જોડાણ કરાવેલ અને પી.જી.વી.સી.એલ.માં લોડવધારાનું નવું એગ્રીમેટ કરેલ તે GERC ના નિયમ મુજબ વધારાના બે વર્ષ નો એગ્રીમેન્ટ પીરીયડ આપેલ છતાં LT કનેક્શનમાં બે વર્ષમાં ઘટતા મહિનાનો મીનીમમ ચાર્જ વસુલ કરવા માટેનો તા.14.10.2022 નો પત્ર તા.31.10.2022 થી અરજદારને મળેલ છે જે અન્વયે અરજદારે નીચે મુજબ રજૂઆત કરેલ છે.

1. અરજદારે ગ્રાહક નં. 34835-00560-0 થી 85 KW નું LTMD વીજજોડાણ CRYSTAL FOUNDERS, નાં લીધેલ હતું અને જેનો એગ્રીમેન્ટ પીજીવીસીએલ સાથે કરેલ હતું.
2. ત્યારબાદ વીજભાર વધારો 85 KW થી 350 KVA H. T, CONN. NO.27626 માં લીધેલ છે.
3. હયાત એલ.ટી. વીજજોડાણમાં કરેલ એગ્રીમેન્ટમાં લોડ વધારો માંગેલ એટલે તેજ એગ્રીમેન્ટને ફરીથી બે વર્ષ લંબાવેલ છે.
4. નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૪.૧૦૨ નો કોઈ ભંગ કરેલ નથી જેથી L.T. કનેક્શનમાં ઘટતો તફાવત એગ્રીમેન્ટ પીરીયડ RS.125243.75/- ચાર્જ ભરવાનો થતો નથી કારણકે એગ્રીમેન્ટ પીરીયડ ચાલુ રાખેલ છે.

૨.૧ આમ, ઉપરોક્ત બાબતનો નિર્ણય ન આવે ત્યા સુધી સામેવાળાના પત્ર તા.૧૪.૧૦.૨૦૨૨ મુજબની કાર્યવાહી ન કરવા અને નામદાર જીઈઆરસીના નિયમનું યોગ્ય અર્થઘટન થાય તે બાબતે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૨.૨ સદર કેસની સુનાવણી તા. ૨૯.૧૧.૨૨ ના રોજ અરજદાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત કરેલ છે તે મુજબ ભૂતકાળમા લોકપાલનો હુકમ અન્ય ગ્રાહકનો છે અને તેનો જ નામદાર હાઇકોર્ટ દ્વારા નવેમ્બર ૨૦૨૨માં હુકમ કરાયેલ છે જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મુજબ અરજદાર મેં. ક્રિસ્ટલ ફાઉન્ડર્સ, જેઓનું સરનામું -૧/૫ આજી જી.આઈ.ડી.સી. રોડ "H" બાલાજી વેફર રોડ, રાજકોટ છે.

અરજદાર જસદણ વિભાગીય કચેરીની સરધાર પેટા વિભાગીય કચેરી હેઠળ લાખાપર ગામે સર્વે નંબર: ૫ પૈકી-૬/પૈકી-૧ માં મેં.ક્રિસ્ટલ ફાઉન્ડર્સ નામથી હળવા દબાણનું ૮૫ કી.વો નું એલ.ટી.એમ.ડી. વિજજોડાણ તા.૧૬.૦૪.૨૦૨૧ થી કાર્યરત હતું કે જેના ગ્રાહક નંબર ૩૪૮૩૫-૦૦૫૬૦-૦ હતા. ત્યારબાદ સદર જગ્યાએ મેં.ક્રિસ્ટલ ફાઉન્ડર્સનાં નામે નવું ૩૫૦ કે.વી.એ. એચ.ટી. કનેકશન માંગણીનાં અનુસંધાને વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર:- JDO/T-1/HT New/Estimate/7846 Dt:16.10.2021 થી આપેલ એસ્ટીમેટની રકમ ભરપાઈ થતા તેમજ જરૂરી એગ્રીમેન્ટ તા.૨૨.૧૦.૨૦૨૧નાં કરેલ હોય આ જગ્યાએ નવું ૩૫૦ કે.વી.એ.નું એચ.ટી. કનેકશન મે.ક્રિસ્ટલ ફાઉન્ડર્સનાં નામે તા.૦૧/૦૧/૨૦૨૨ નાં રોજ આપવામાં આવેલ જેના ગ્રાહક નંબર: ૨૭૬૨૬ છે તેમજ એલટી કનેકશન ગ્રાહક નં- ૩૪૮૩૫-૦૦૫૬૦-૦ની તારીખ વગરની અરજીનાં આધારે તા.૦૧/૦૧/૨૦૨૨ નાં રોજ કનેકશન પી.ડી.સી. કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

3.૧ પીજીવીસીએલની ઓડીટ ટીમ બોટાદ વર્તુળ કચેરી દ્વારા સરધાર પેટા-વિભાગીય કચેરીનું ઓડીટ કરવામાં આવેલ હતું. જે અનુસંધાને સદર ઓડીટ ટીમ દ્વારા તા.૦૧.૧૦.૨૦૨૨ થી પીજીવીસીએલની સરધાર પેટાવિભાગીય કચેરીને ઓડીટ રિપોર્ટ મોકલાવેલ જે અંતર્ગત સદર ગ્રાહકના એલ.ટી. વીજજોડાણ તા.૦૧.૦૧.૨૦૨૨ ના રોજ પીડીસી કરેલ છે, જે વીજજોડાણમાં મેં.ક્રિસ્ટલ ફાઉન્ડર્સનાં પી.ડી.સી.નાં કેસમાં બે વર્ષનાં ઘટતા સમયગાળા માટે મીનીમમ ચાર્જ પેટે રૂ.૧,૨૫,૨૪૩.૭૫ વસુલવા સુચવેલ, જે અનુસંધાને સરધાર પેટા-વિભાગીય કચેરી દ્વારા તા.૧૪.૧૦.૨૦૨૨ થી અરજદાર મેં. ક્રિસ્ટલ ફાઉન્ડર્સને બે વર્ષનાં ઘટતા મીનીમમ ચાર્જ પેટે રૂ.૧,૨૫,૨૪૩.૭૫ દિવસ ૦૭ (સાત) માં ભરપાઈ કરવા જાણ કરેલ.

૩.૨ સદર રીકવરી પ્રવર્તમાન GERC સપ્લાય કોડ ૨૦૧૫ની ક્લોઝ નં ૪.૧૦૨ મુજબ શ્રી ક્રિસ્ટલ ફાઉન્ડર્સ પાસેથી ખૂટતા સમયગાળાનો મિનિમમ ચાર્જ વસુલવા પાત્ર છે.

3.3 સદર કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી દ્વારા રજુ કરાયેલ પીટીશનનં. R/SCA/1090/2020 અન્વયે નામદાર હાઈકોર્ટ અમદાવાદના વચગાળાના ઓર્ડર તા.૦૯.૧૧.૨૦૨૨ ની નકલ રજુ કરેલ છે જે કેસનો ફાઈનલ ઓર્ડર હાલ ન્યાયિક પ્રકિયા હેઠળ પડતર છે.

::હુકમ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર જસદણ વિભાગીય કચેરીની સરધાર પેટા વિભાગીય કચેરી હેઠળ લાખાપર ગામે સર્વે નંબર: ૫ પૈકી-૬/પૈકી-૧ માં મેં. ક્રિસ્ટલ ફાઉન્ડર્સ નામથી હળવા દબાણનું ૮૫ કી.વો. નું એલ.ટી.એમ.ડી. વિજજોડાણ ગ્રાહક નંબર ૩૪૮૩૫-૦૦૫૬૦-૦ તા.૧૬.૦૪.૨૦૨૧ થી રીલીઝ કરેલ જે વીજજોડાણ અન્વયે તા.૦૨.૦૩.૨૦૨૧ ના રોજ હળવા દબાણ વીજળી વપરાશ અંતર્ગત એગ્રીમેન્ટ બન્ને પક્ષકાર વચ્ચે કરેલ છે જેની શરત નં – ૫ અને ૬ નીચે મુજબ નોંધાયેલ છે.

"(૫) આથી હું / અમો જાહેર કરું છું/ ....વિદ્યુત શકતી વપરાશમાં ચાલુ રાખવાની ગાળા ઉપર જણાવેલી વીજળીનો પુરવઠો ચાલુ કર્યાની તારીખ પછીના માસના પહેલા દિવસથી ઓછામાં ઓછો ૦૨ વર્ષનો રહેશે અને તે પછી તે મહિના મહિનાનો રહેશે, .... " અરજદાર દ્વારા નવું ૮૫ કીવોનું વીજજોડાણ મેળવવા માટે A1 ફોર્મ અરજદારની સહી વાળું રજુ કરેલ છે, જેમાં ક્રમાંક – ૧૫ (બ) માં અપાયેલ બાંહેધરી નીચે મુજબ છે.

> "હું / અમો આ સાથે ઈચ્છા અને સહમતીથી જણાવીએ છીએ કે હું/અમો પીજીવીસીએલ તરફથી ઉપરોક્ત દર્શાવ્યા મુજબના હેતુ તથા વીજલોડ માટે વીજજોડાણ ચાલુ કર્યા તારીખ પછીના માસની પ્રથમ તારીખથી ૦૨ વર્ષ સુધી વીજજોડાણ મેળવવા ઈચ્છુ છુ / ઈચ્છીએ છીએ"

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૨ અરજદારને હયાત વીજજોડાણમાં વીજભાર વધારાની જરૂરીયાત હોવાથી ૮૫ કીવો માંથી ૩૫૦ કેવીએનું એચ.ટી. કનેકશન મેળવવા માટે અરજી કરેલ જે અંતર્ગત તા.૨૨.૧૦.૨૦૨૧ નાં રોજ ૩૫૦ કેવીએના એચ.ટી. વીજજોડાણ માટે એગ્રીમેન્ટ કરેલ છે. ત્યારબાદ એલ.ટી. વીજજોડાણ ગ્રાહક નં ૩૪૮૩૫-૦૦૫૬૦-૦ તા.૦૧.૦૧.૨૦૨૨ ના રોજ અરજદારની અરજી અન્વયે પીડીસી કરેલ છે તેમજ નવું એચ.ટી. વીજજોડાણ કરારિત વીજભાર ૩૫૦ કેવીએ ક્રિસ્ટલ ફાઉન્ડર્સનાં નામે તા.૦૧/૦૧/૨૦૨૨ નાં રોજ રીલીઝ કરેલ છે.

૪.3 પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોક્ત મુદ્દા નં ૩.૧ મુજબની વિગતે, એલ.ટી. વીજજોડાણ ગ્રાહક નંબર ૩૪૮૩૫-૦૦૫૬૦-૦ તા.૧૬.૦૪.૨૦૨૧ થી રીલીઝ કરેલ છે જે તા.૦૧.૦૧.૨૦૨૨ ના રોજ પીડીસી કરેલ છે તે મુજબ સદર એલટી વીજજોડાણને ૦૨ વર્ષ પૂર્ણ થવામાં આશરે ૧૫ માસનો સમયગાળો બાકી રહેલ હોવાથી પીજીવીસીએલની ઓડીટ ટીમ દ્વારા સદર ઘટતા સમયગાળા માટે ફીક્ષ ચાર્જની ઓડીટ રીકવરી રૂ.૧,૨૫,૨૪૩.૭૫ સૂચવેલ છે, પરંતુ અરજદાર દ્વારા સદર જગ્યામાં વીજભાર વધારાની જરૂરીયાત હોવાથી એચ.ટી. વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ જે અંતર્ગત પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૦૧.૦૧.૨૦૨૨ ના રોજ એચ.ટી. વીજજોડાણ રીલીઝ કરાયેલ છે આમ, અરજદારની રજૂઆત મુજબ એલ.ટી. વીજજોડાણ માંથી એચ.ટી. વીજજોડાણમાં તબદીલ કરેલ હોય મીનીમમ ફીક્ષ ચાર્જની રકમની રીકવરી બતાવેલ છે જે નામદાર

જીઈઆરસી દ્વારા કરાયેલ નિયમનું અર્થઘટન યોગ્ય રીતે કરાયેલ ન હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૪ સદર કેસમાં ફરિયાદી અરજદાર દ્વારા ઉપરોક્ત મુદા નં.૨.૨ મુજબ નામદાર લોકપાલ અમદાવાદના કેસ નં. ૩૯/૨૦૧૯ ના ચુકાદા તા.૧૧.૦૭.૨૦૧૯ મુજબ આજી - ૧ પેટા વિભાગીય કચેરી હેઠળના ગ્રાહકશ્રી જે.પી.પ્રોફાઈલ ગ્રાહક નં. ૩૧૬૦૧/૫૪૮૮૧/૮ ના એલ.ટી. વીજજોડાણ માંથી એચ.ટી. વીજજોડાણ કરેલ ત્યારે એલ.ટી. કનેક્શનના બે વર્ષનો મીનીમમ ચાર્જની રકમ ભરપાઈ કરવાની નોટીસ રદ કરવી અને અરજદારે ભરપાઈ કરેલ ૩૩ ટકા રકમ રૂ.૮૪,૪૮૪/- અરજદારને પરત કરવા આદેશ સામેવાળને કરેલ જે અંતર્ગત સામેવાળા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નામદાર હાઈકોર્ટમાં પીટીશન નં. ૧૦૯૦/૨૦૨૦ થી દાખલ કરેલ. સદર બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ ઉપરોક્ત મુદા નં. ૩.૩ મુજબ જે બાબત હાલ ન્યાયિક પ્રકિયા હેઠળ પડતર છે.

૪.૫ ઉપરોક્ત મુદા નં. ૪.૪ અને અરજદારની હાલની ફરિયાદ નો અભ્યાસ કરતા સપષ્ટ થાય છે કે અરજદારના એલ.ટી. વીજજોડાણ માંથી એચ.ટી.વીજજોડાણમા રૂપાંતર થયેલ છે ત્યારે એલ.ટી. વીજજોડાણના એગ્રીમેન્ટ મુજબ ૦૨ વર્ષ થી ઓછો સમયગાળો થયેલ હોવાથી ઘટતા સમયગાળાનો મીનીમમ ચાર્જ વસુલ કરવા અંગેની બાબત એકસરખી હોય જે હાલ નામદાર હાઈકોર્ટમા કેસ પડતર હોવાથી નામદાર જીઈઆરસીના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૯ નાં મુદા નં: ૨.૩૩-(૧) માં કરાયેલ જોગવાઈ મુજબ "સદર પ્રકારના – એટલેકે સમાન ફરિયાદી અને પરવાનેદાર વચ્ચેની બાબત ને લગતી કાર્યવાહી, કોઇપણ કોર્ટ, ટ્રીબ્યુનલ, લવાદ કે અન્ય કોઈ તંત્ર સમક્ષ બાકી હોય તેવા કેસોમાં, અથવા આવી કોઈ, કોર્ટ, ટ્રીબ્યુનલ, લવાદ કે અધિકારીએ હુકમનામું, ચુકાદો કે આખરી હુકમ પસાર કરી દીધો હોય તેવા કેસો" ના નિકાલની કામગીરી અત્રેના ફોરમના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ થતી નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ મુજબ આ કેસમાં અત્રેના ફોરમ દ્વારા આ તબ્બકે કંઈ કાર્યવાહી કરવાની થતી નથી.

Joshi Nitinvah

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |